Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી પરીસર ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રીનાં તા.૦૪/૧૨/૨૦૨૧નાં ઈમેલ/પત્રમાં યુનિવર્સિટી તથા વિવિધ કોલેજો ધ્વારા આપવામાં આવતા ૨ ક્રેડિટ ના સર્ટીફીકેટ કોર્સીસને NSS/NCC ના ઓપ્શન માં આપવા બાબત અંગે એકેડેમિક કાઉન્સિલ તા. ૦૭/૧૨/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ (૧૦) થી નીચે મુજબ ઠરાવેલ છે. જેનો અમલ કરવા જાણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૦૭/૧૨/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. સ્નેહલ જોષીના " યુનિવર્સિટી તથા વિવિધ કોલેજો ધ્વારા ૨ ક્રેડિટના સર્ટીફીકેટ કોર્સીસ આપવામાં આવી રહેલ છે. આ ૨ ક્રેડિટ સર્ટીફીકેટ કોર્સીસને NSS/NCC ના ઓપ્શનમાં આપી શકાય" જે અંગેના તા. ૦૪/૧૨/૨૦૨૧ ના ઈમેલ/પત્રનો સ્વીકાર કરી ઠરાવવામાં આવે છે કે, Soft Skill / Extension Activity અંતર્ગત મળવાપાત્ર ૨ ક્રેડિટ માટે વાસ્તવમાં NSS/NCC અથવા આંતર કોલેજ / યુનિવર્સિટી લેવલે/ આંતર યુનિવર્સિટી લેવલે જો ભાગ લીધેલ હોય તથા ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હોય તેવી લઘુત્તમ બે સ્પર્ધામાં સપ્તધારા અંતર્ગત આંતર કોલેજ અથવા યુનિવર્સિટી/રાજય કક્ષા /નેશનલ લેવલે કોઈ પણ એક સ્પર્ધામાં ભાગ લીધેલ હોય માત્ર તેવા વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે. NSS/NCC/રમતગમત/ સપ્તધારાના ઓપ્શનમાં યુનિવર્સિટી માન્ય ૨ ક્રેડીટનાં સર્ટીફીકેટ કોર્સ કોલેજ ધ્વારા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ કોર્સીસનાં SOP નું પાલન કરીને આપી શકાશે. વધુમા આ સર્ટીફીકેટ કોર્સ પૂર્ણ કર્યેથી તથા વિદ્યાર્થીને જે તે સેમેસ્ટર માટે ૨ ક્રેડીટ મળવાપાત્ર રહેશે.

વધુમાં NSS/NCC ના અભ્યાસક્રમોને ૨ ક્રેડીટના સર્ટીફીકેટ કોર્સના રૂપમાં લાગુ કરવા માટે મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી કમિટીને અધિકૃત કરવામાં આવે છે.

ક્રમાંક :સિન્ડિકેટ/સિલેબસ/પરિપત્ર/૧૯૨૦૫/૨૦૨૧
તા. ૧૦–૧૨–૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.
૨) યુનિવર્સિટીનાં વડાશ્રીઓ.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૪) પી.જી. વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૫) યુવક કલ્યાણ વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૬) એકેડેમિક વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.